# ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વણકરો

ડૉ. તરલીકા ચાવડા

**૧. પ્રસ્તાવના**

ભારત દેશ આઝાદ થયો ત્યાર બાદ બંધારણીય દ્દષ્ટિએ દરેક જ્ઞાતિ, જાતિ અને ધર્મને સમાનતા આપવામાં આવી. આ સમાનતાને લીધે નિમ્ન ગણાતી જ્ઞાતિઓ પણ પોતાનો વિકાસ સાધવા માટે સક્ષમ બની. બંધારણમાં અનામતને કારણે સર્વ નાગરિકને સમાન હક અને અધિકારો મળ્યા, પરંતુ ઐતિહાસીક દ્દષ્ટિએ જોઇએ તો પ્રાચીન કાળથી બંધારણીય દ્દષ્ટિએ નિમ્ન ગણાતી જ્ઞાતિઓને અનુસૂચિત જ્ઞાતિ એવું નામ આપવામાં આવ્યુ.

નિમ્ન ગણાતી અનુસૂચિત જ્ઞાતિને વિવિધ નામોથી ઓળખવામાં આવતી હતી, જે નામ એક રીતે અપમાનજનક હતા. બંધારણમાં આવા શબ્દોને દૂર કરવામાં આવ્યા અને દરેક પ્રકારે સમાનતા સ્થપાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા.

ઐતિહાસિક દ્દષ્ટિએ જોઇએ તો અનુસૂચિત જ્ઞાતિમાં સમાવિષ્ટ એવી વણકર જ્ઞાતિ કે જેનું કામ સાફ–સુથરું સૂગ ન ચડે તેવું એટલે કે વણાટકાર્ય કરવાનું હતુ. તેમ છતાં સામાજિક કોટિક્રમમાં વણકારોને નિમ્ન સ્થાન મળ્યુ અને તેઓને અછૂત ગણવામાં આવ્યા.

**૨. વણકરો શા માટે અસ્પૃશ્ય ગણાયા?**

ઉપરોકત માહિતી અનુસાર વણકરોનો વ્યવસાય સ્વચ્છ તથા ઉન્નત હતો. વૈદિક યુગમાં વણકરો યજ્ઞ જેમ વણકરનું કાર્ય કરતાં હતા, એટલે કે પોતાના કાર્યને જ પોતાનો ધર્મ માનતા હતા અનને પોતાના કાર્ય પ્રત્યે પવિત્રતા અને શ્રધ્ધા દાખવતા હતા. પરંતુ કાળક્રમે વણકરોની પડતી થવા માંડી અને છેવટે એવી પરિસ્થિતિ આવી કે તેઓ અંત્યજ–અસ્પૃશ્યની ગણતરીમાં આવી ગયા. વૈદિક યુગ મુજબ અને શાસ્ત્રો મુજબ વણકરો અસ્પૃશ્ય હતા જ નહિં. આ ગૌરવશાળી કોમ કયા કારણોસર અધઃપતનના માર્ગે પહોંચી તે અંગનું અવલોકન કરવામાં આવ્યું છે.

ધાર્મિક દ્દષ્ટિએ વણકરોને એટલા માટે અસ્પૃશ્ય ગણવામાં આવ્યા હશે કે સૂતર તૈયાર કરવા માટે સૂતરના તારને કાંજી આપવી પડે છે. સૂતરના તારને કાંજી કરે તો જ તે કડક રહે છે અને વણવાલાયક બને છે. એટલે કે કાંજી કરવી જરૂરી બને રહે છે. ધર્મ શાસ્ત્રોમાં કાંજી ખેળને અપવિત્ર માનવામાં આવે છે. કાંજી અપવિત્ર હોવાથી તેનો ઉપયોગ કરનારા પણ સામાન્ય રીતે અપવિત્ર માનવામાં આવ્યા. આ કારણોસર ધાર્મિક રીતે વણકરો અસ્પૃશ્ય બન્યા તેવો માન્યતાઓ અને ઉલ્લેખ જોવા મળે છે.

ભારતમાં એટલે કે આઝાદી પૂર્વે જયારે રાજાઓનું સાશન ચાલતુ હતુ ત્યારે બ્રિટિશરો ભારતમાં વેપાર અર્થે આવ્યા. તે સમયે ભારત દરેક પ્રકારે સમૃધ્ધ અને ઉન્નત માનવામાં આવતો હતો. ભારતની ખનીજો, કાપડ, તેજાના વગેરે વસ્તુઓની આકર્ષાઇને વેપાર અર્થે બ્રિટીશરોએ ભારતમાં પગપેસારો કર્યો. વેપાર અર્થે બ્રિટિશરોએ "ઇસ્ટ ઇન્ડીયા" કંપનીની સ્થાપના કરી. સૌપ્રથમ સુરત શહેરમાં કોઠી સ્થાપવાની પરવાનગી મેળવી. ત્યાર

બાદ અન્ય શહેરોમાં અંગ્રેજોએ પગ પેસારો કર્યો. છેક સિંધુ અને લોથલ સંસ્કૃતિથી અઢારમી સદી સુધી ઉન્નત રહેલો વણાટ ઉદ્યોગ અંગ્રેજોએ આ ઉદ્યોગો વડે ઇંગ્લેન્ડને સમૃધ્ધ કરવા અસંખ્ય લોકો ઉપર અત્યાચારો ગુજાર્યા.

સુતરાઉ કાપડના વણાટ માટે ઓછામાં ઓછા ઓજારોનો ઉપયોગ થતો હતો તે તેની વિશેષતા હતી. બંગાળ તથા ગુજરાતના વણકરો દિવાસળીની પેટીમાં સમાઇ શકે તેવુ કાપડ વણતાં હતા માત્ર એટલું જ નહિં તેની વિશેષતા એ પણ હતી કે કાપડનો આખો તાકો એક વીટીં માંથી પસાર થઇ શકતો હતો. આવા ઉત્તમ કવોલીટીના કાપડની માંગ સમગ્ર ભારત ઉપરાંત રોમ, જાપાન, સુમાત્રા અને ચીન સુધી રહેતી હતી. આપણા દેશમાં આવીને અંગ્રેજોએ જોયુ કે વણકરોના વ્યવસાય ઉપર જો પોતાની પકડ જમાવવામાં આવે તો નફાકરક નીવડી શકે છે. તેથી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતીય વણકરોને ઇંગ્લીશ અને યુરોપીયન બજારોમાં ચાલતી જુદીજુદી ડીઝાઇનનું કાપડ વણવાનું શીખવા માટે તેવી ડિઝાઇનના કાંતણ અને વણાટના જાણકાર અંગ્રેજ કારીગરોને આ દેશમાં મોકલ્યા અને ધીમે ધીમે વણાટ કામ પર અંગ્રેજોએ પોતાનું આધિપત્ય સ્થાપવા લાગ્યા.

સુતરાઉ કાપડના વણકરો બ્રિટીશ શાસન આવ્યું તે પહેલાં મુકતપણે કોઇપણ જાતના બંધનો વિના, કોઇપણ જાતના જોરજુલમો કે અત્યાચારો વિના શાંતિથી વસ્ત્રોનું ઉત્પાદન કરતાં હતા. જો કે મોગલ યુગના પાછળના ભાગમાં ધીમે–ધીમે વણકરોની હાલત કફોડી બનવા લાગી હતી. યંત્ર સામગ્રીના વપરાશને કારણે હસ્ત ઉદ્યોગની સ્થિતિ ધીમે–ધીમે કફોડી બનવા લાગી. યંત્ર વિજ્ઞાન એટલે કે ઔદ્યોગિકરણના વધતા વેગ સામે હસ્તકલા ટકી શકી નહિં અને નાશ પામવા તરફ જવા લાગી. આ રીતે જોઇએ તો વણકર જ્ઞાતિના વિકાસની સફર અને પડતી થવાના કારણો અનેક રીતે જોઇ શકાય છે.

## સંદર્ભ સૂચિ

૧. પરમાર, પી.એ. ભારતના વણકરોઃ ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિ
૨. મકવાણા, મનુભાઇ અનુસૂચિત જ્ઞાતિમાં ઉદ્યોગ સાહસિકતા